## રાજકોટના મહે. ૮માં અધીક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, રાજકોટ

ફોજદારી કેસ નં. **10347/2024**

આંક– **5**

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી : આનંદભાઈ રતીભાઈ ચૌહાણ

રહે. ૫રસાણાનગર, રાજકોટ

**ગુનો : પ્રોહીબીશન (સુધારા) અધીનીયમ ની કલમ ૬૬(૧)(બી) ૮૫(૧)મુજબનો**

## :: ચુ કા દો ::

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ફરીયાદમાં જણાવેલ વિગતે જાહેરમાં વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરેલ હાલતમા મળી આવી ગુનો ગુનો કરેલ હોય આરોપી વિરુધ્ધ પ્રોહી (સુધારા) અધીનીયમ ની કલમ ૬૬ (૧)બી, ૮૫(૧) મુજબની ફરીયાદ એ–ડીવીઝન પો.સ્ટે. દાખલ થતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ૫ડતો હોય ત.ક.અમલદાર દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિ.પો.કોડની કલમ ૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલ આપ્યા બાદ આરોપીની આંક ૦૩ થી તહોમતનામુ ફરમાવી આંક ૦૪ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનો કબુલ રાખેલ છે તેવી હકીકત જણાવેલ છે. તેમજ આંક ૦૨ થી આરોપી તફે કબુલાત પુરશીસ આપી સ્વેછાએ ગુનો કબુલ કરવા માગીએ છીએ તેવી હકીકત જાહેર રેલ છે. આરોપીને ગુનાની મહતમ સજા અગે જાણ કરેલ છે. તેમજ તેઓ ગુનો કબુલ કરવા બધાયેલ નથી અને ગુનો કબુલ કરશે તો તેઓ વિરુધ્ધ પુરાવો ગણાશે તેવી સમજ આપવા છતા આરોપી સ્વેછાએ ગુનો કબુલ કરવા માગે છે તેવી હકીકત જણાવેલ છે. હાલના આરોપી વિરુધ્ધ પ્રોહી એકટ અન્વયેનો આક્ષેપ છે. આ કામે આરોપી પ્રથમ તબકકે પોતાનો ગુનો કબુલ કરે છે. અને પોતે ગરીબ માણસ હોવાનુ અને મજુરી કામ કરતા હોવાની હકીકત જણાવેલ હોય જે ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના

ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર (૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯) ના ચુકાદાના સિધ્ધાંતો નજર સમક્ષ રાખી આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૧ અન્વયે પ્રોહીબીશન (સુધારા) અધીકનીયર કલમ ૬૫(૧)(બી) તથા ૮૫(૧) મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી **રૂા. ૫૦૦/–** દંડ પેટે ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો એક માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૨૨/૬/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સભળાવી તે મુજબનો આજરોજ હુકમ જાહેર કરેલ છે.

**(પ્રિતેશ જગદીશચંદ્ર કાયસ્થ)**
૮માં એડી. ચીફ જયુડી.મેજી.
રાજકોટ.
(જીજે૦૧૦૫૩)